# <u>પત્રક-૧</u>

**સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત નવાં અનુસૂચિત જાતિનાં છાત્રાલય શરૂ કરવા માટેની અરજી.**

(૧) સૂચિત છાત્રાલયનું નામ અને સરનામું
કુમાર માટે/કન્યા માટે

(૨) છાત્રાલય અનુસૂચિત જાતિ માટે ખોલવા માંગો છો.

(૩) છાત્રાલય કયા વર્ષમાં શરુ કરવાનું છે.

(૪) સ્વૈચ્છિક સંસ્થાનું નામ અને મંડળ નોંધણી અધિનીયમ-૧૮૬૦ના ૨૧ માંઅથવા ૧૯૫૦ ના મુંબઇ જાહેર ટ્રસ્ટ અધિનિયમ હેઠળ જેની નોંધણી થઇ હોય તેના પ્રમાણપત્રની નકલ જિલ્લા પંચાયત શરુ કરનાર હોય તો તે પ્રમાણે દર્શાવવુ.

(૫) આ સ્વૈચ્છિક સંસ્થા બીજી કોઇ સમાજ કલ્યાણ અથવા શૈક્ષણિક પ્રવૃત્તિ ચલાવે છે કે કેમ ? ચલાવતી હોય તો તેની વિગત અલગ આપવી ,સાથે પત્રકો બીડો.

(૬) આ સ્વૈચ્છિક સંસ્થા૧૦ ટકા બીજા પછાત વર્ગના બીજા હિન્દુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેના નિયમોનું પાલન કરવા અંગે બાંયધરી આપે છે.

(૭) છાત્રાલય શરુ કરવાનું હોય તે સ્થળે શિક્ષણના કયા તબક્કા સુધી શૈક્ષણિક સગવડો મળે છે. ? સરકારશ્રી તરફથી માધ્યમિક શાળાની મંજુરી મળેલ છે. કે કેમ ?

(૮) છાત્રાલયનું સૂચિત મકાન સંસ્થાનું પોતાનું છે. ? ભાડાનું પાકુ કે કાચુ મકાન છે. ?

(૯) સૂચિત છાત્રાલયમાં નીચે મુજબની સગવડતા છે. ?
   ૧) પૂરતી હવાઉજાસ વાળું છે. ?
   ૨) પૂરતી સગવડ તથા આરોગ્યપ્રદ છે. ?
   ૩) છાત્રાદીઠ ૪૦ ચો.ફૂટ ક્ષેત્રફળના ધોરણે છાત્રોને

રહેવાની સગવડ છે?

૪) ગૃહમાતા/ગૃહપતિ નિવાસ છે. ?

૫) રસોડું કોઠાર ભોજનાલયની અલગ વ્યવસ્થા છે. ?

૬) સંડાસ/બાથરૂમ છે. કેટલા ?

**અરજી કરતી વખતે નીચેની શરતોને ધ્યાનમાં લેવાની રહેશે.**

૧) પબ્લિક ટ્રસ્ટ એકટ -૧૯૫૦ અથવા સોસાયટી રજિ. એકટ ૧૮૬૦ હેઠળ નોંધાયેલી સ્વૈચ્છિક સંસ્થા અરજી કરી શકશે.

૨) છાત્રાલય ચલાવવા માટે સંસ્થા આર્થિક રીતે સદ્ધર હોવી જોઇએ. તથા તે બદલ અરજી સાથે તાજેતરનું રૂ. ૫૦૦૦/- બેન્ક બેલેન્સ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૩) છાત્રાલયના સૂચિત સ્થળે પ્રાથમિક અને માધ્યમિક શાળાની સગવડ હોવી જોઇએ. છાત્રાલય માટે ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ મળી શકે તેમ હોય તો જ અરજી કરવાની રહશે.

૪) છાત્રાલયના મકાનમાં ૧૦ વિદ્યાર્થી ઓ દીઠ ૧ જાજરૂ તથા ૧ બાથરૂમ પ્રમાણે પાકા જાજરૂ તથા બાથરૂમ હોવા જોઇએ. તથા પીવાનું પાણી, ગૃહપતિ/ગૃહમાતા રસોડું, ભોજનાલયની સગવડ હોવી જોઇએ. વિદ્યાર્થી દીઠ ૪૦ ચો. ફૂટની જગ્યાની રહેઠાણ માટે જગ્યા હોય તેવા રૂમોની વ્યવસ્થા , વીજળીની સગવડ હોવી જોઇએ તથા મકાન આરોગ્ય વિષયક સગવડો વાળુ અને એક  જ સ્થળે હોવુ જોઇએ.

૫) છાત્રાલયના સૂચિત સ્થળની આજુબાજુ ના ૧૦ કી.મીના અંતરે આ ખાતા દ્વારા કે અન્ય ખાતા દ્વારા છાત્રાલય ચાલતું હશે ત્યાં છાત્રાલયની માન્યતા મળી શકશે નહીં.

૬) જે તાલુકામાં આ ખાતાની માન્યતા મેળવેલાં છાત્રાલય ચાલતા ન હોય. તથા અનુસૂચિત જાતિની વસ્તી વધુ હોય અને શિક્ષણનું પ્રમાણ ઓછું હોય તેવાં સ્થળોએ માન્યતા આપવા અગ્રતા આપવામાં આવશે.

૭) છાત્રાલય શરૂ કરવાની માંગણી માટે સંસ્થાએ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી અરજીઓ કરવાની રહેશે. અગાઉની કોઇપણ રજૂઆતો કે અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૮) સરકારશ્રીના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોને લગતા સઘળા નિયમોનું પાલન કરવામાં આવશે, તેવું લેખિત સંમતિપત્રક સંસ્થા ના ઠરાવ દરખાસ્ત સાથે જોડવાનું રહેશે.

૯) છાત્રાલય શરૂ કરવાનું સ્થળ, દૈનિક પત્રકમાં આવેલી જાહેરાતમાં દર્શાવેલ તાલુકાઓ પૈકીના તાલુકાનું હશે તો જ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે.